# નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકો/વ્યવસ્થાપકોને સુચના

1. સમગ્ર નવરાત્રિ મહોત્સવનું આયોજન સૌહાદર્ણ રીતે થાય તે જવાબદારી આયોજકોની રહેશે.
2. ગરબીની સ્થાપના તેમજ રાત્રિના ગરબાના કાર્યક્રમો જાહેર જનતાને અડચણ/અવરોધરુપ ન થાય તેવી જગ્યાએ દા.ત.: કોમન પ્લોટ, જાહેર ઉપયોગી જગ્યાઓ, ખાનગી પ્લોટ વિગેરે જગ્યાએ થાય તેની તકેદારી રાખવી.
3. એન્ટ્રી/એક્ઝીટ ગેટોની સંખ્યા વધુમાં વધુ કરવાની રહેશે. દરેક દરવાજા ઉપર સીકયુરિટીના માણસો રાખવાના રહેશે. ગરબા સ્થળના પ્રવેશ અને નિકાસ દ્વારા અલગ-અલગ રાખવા તેમજ ઇમરજન્સી નિકાસ માટેના અલગ ગેઇટ માટે આયોજન રાખવું તથા મહિલા- પુરુષોના પ્રવેશ દ્વાર અલગ-અલગ રાખવાના રહેશે, તથા તેનું દેખાત તે રીતે માર્કિંગ કરવાનું રહેશે
4. ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ (૧) લોકોની સલામતિ/સુરક્ષા માટે (૨) મહીલા સુરક્ષા માટે (૩) ટ્રાફીકની જાળવણી માટે તથા (૪) કોઈ પ્રકારના કેફી દ્રવ્યો/ કેફી પ્રવાહી/કેફી પ્રદાર્થના સેવન કરેલ વ્યક્તિ ગરબાના સ્થળે અંદર ન પ્રવેશે તે માટે આયોજક તરફથી એક – એક જવાબદાર વ્યક્તિ ફરજીયાત નિમવાના રહેશે.અને તેઓના નામ/સરનામાં તથા મોબાઈલ નંબર સહીતની વિગત પો.સ્ટે.ખાતે આપવાની રહેશે.
5. ગરબાનું આયોજન થતું હોય ત્યાં પ્રવેશ દ્રાર પર ડૉરફ્રેમ મેટલ ડીટેકટર/હેન્ડ મેટલ ડીટેક્ટર તથા સિક્યુરીટી સ્ટાફ તથા Breath Analyzer વગેરે રાખવો અને શંકાસ્પદ વ્યકિતની શારીરિક ચકાસણી કરવી. કોઈપણ વ્યકિત નશાની હાલતમાં જણાય તો તાત્કાલીક પોલીસને જાણ કરવાની રહેશે. મહીલા સુરક્ષા કર્મચારી પણ સલામતિ વ્યવસ્થા માટે રાખવા.
6. ગરબાના સ્થળની અંદર કોઈ પણ વસ્તુ નહી લઈ જવા દઈ, પ્રવેશ દ્રાર ખાતે ચેકિંગ કરી જવા દેવાય તેવી વ્યવસ્થા કરવી. આયોજકોએ ફોટા સહિતનું ઓળખપત્ર ધરાવતો જાણીતો સ્ટાફ રાખવો. જેથી અનધિકૃત વ્યક્તિ આયોજક તરીકે પ્રવેશી ન જાય કે ભાંગફોડીયા પ્રવૃત્તિ ન કરી શકે. પ્રવેશની જગ્યાએ તથા ગરબા રમાતા હોય ત્યાં ક્લોઝ સર્કીટ કેમેરા (HD CCTV) મુકાવી. અસામાજીક તત્વો દ્રારા અનિચ્છનિય કૃત્ય ન થાય તેની તકેદારી રાખવી. આવનાર તમામ વ્યકિતઓનું વ્યવસ્થિત ચેકિંગ થાય તે નિયત કરવાની જવાબદારી આયોજકની રહેશે.
7. ગરબાના ગ્રાઉન્ડ ઉપર કોઇ બેગ કે બીજી વસ્તુ લઇને આવેતો પ્રવેશદ્રાર પાસે ટોકન આપી જમા લેવી. શંકાસ્પદ વસ્તુ લાગે તો ચકાસણી કરવી.
8. વાહન પાર્કિંગ અને ગરબાની જગ્યા વચ્ચે સુરક્ષિત અંતર રાખી, પાર્કિંગથી ગરબાના સ્થળના પ્રવેશદ્રાર સુધી યોગ્ય બેરીકેડીંગ રાખવી. ગરબાના સ્થળે ગરબામાં ભાગ લેનાર અને પ્રેક્ષકો વચ્ચે મજબુત બેરીકેડીંગ રાખવી.
9. આયોજનના સ્થળે ફરજ બજાવતા તમામ સ્વયં સેવકો, ઈલેક્ટ્રીશીયન, સિક્યુરીટીના માણસો, સ્ટોલો ઉપરના માણસો, વગેરેને ફોટા આઈડન્ટીટી કાર્ડ આપવું અને તેઓના નામ, સરનામા અને ફોન નંબરની માહિતી સ્થાનિક પોલીસને અગાઉથી પુરી પાડવી.
10. આયોજકોએ ગરબાના સ્થળની ક્ષમતા કરતા વધુ પ્રમાણમાં ટિકીટ/પાસનું વેચાણ/વિતરણ કરવુ નહી.
11. નવરાત્રી ઉત્સવના પ્રવેશ પાસ ઇસ્યુ કરનાર વ્યક્તિના આયોજકે ઓળખ પ્રસ્થાપિત પુરાવા મેળવવાના રહેશે.( આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, વગેરે ) તથા જે અંગેનો રેકર્ડ આયોજકે રાખવાનો રહેશે. જે પોલીસ સ્ટેશન દ્વારા માંગ્યે રજૂ કરવાના રહેશે.
12. ગરબાના સ્થળે ઈલેક્ટ્રીક સિસ્ટમ માટે મેઈન્ટેનન્સ સ્ટાફ હાજર રાખવો અને કોર્પોરેશને કરેલ નિયમો અનુસાર જરુરી અગ્નિશામક સાધનો રાખવા. MCB/MILLB અવશ્ય લગાવવી. વિજળીનો પ્રવાહ બંધ જઈ જાય, તો મુશ્કેલી ઉભી ન થાય તે માટે સ્ટેન્ડ બાય જનરેટર રાખવું અને અગત્યની વસ્તુઓ પ્રકાશિત રહી શકે તેવી વૈકલ્પિક લાઈટની વ્યવસ્થા ગોઠવવી.
13. કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ ગરબામાં જણાય તો તાત્કાલીક સ્થાનિક પોલીસ અને સીટી પોલીસ કંટ્રોલ રુમ (Dial-૧૦૦) ઉપર જાણ કરવી.
14. ગરબાઓમાં કાર્યક્રમ માટે ઉભા કરવામાં આવતા મોટા સ્ટેજની મજબુતાઈ અંગે PWDના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવવું તેમજ સ્ટેજ નીચે શંકાસ્પદ વસ્તુઓ અંગે અવાર નવાર ચેકીંગ રાખવું. શંકાસ્પદ વસ્તુ જણાય, તો તાત્કાલીક સ્થાનિક પોલીસને જાણ કરવી અને તે વસ્તુથી લોકોને દુર રાખવા.

15. સરકારશ્રી દ્વારા નિયત કર્યા મુજબ તા:૦૩/૧૦/૨૦૨૪ થી તા:૧૩/૧૦/૨૦૨૪ સુધી ગરબાના કાર્યક્રમ રાત્રીના કલાક ૧૨:૦૦ સુધી જ ચલાવવા પરવાનગી આપવામાં આવેલ છે. જેથી ગરબા કાર્યક્રમ મંજુરી આપેલ સમય મર્યાદામાં પુરા થાય તેની તકેદારી રાખવી. રાત્રિના કલાક ૧૨:૦૦ બાદ માઈક/સાઉન્ડ સીસ્ટમ વગાડી શકાશે નહીં. આ સિવાયના અન્ય દિવસોમાં ગરબા કાર્યક્રમોની પરવાનગી રાત્રિના કલાક ૧૦:૦૦ સુધીની રહેશે.
16. શામિયાણા સંબંધીત નામદાર સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરવાનું રહેશે.
17. દાંડીયારાસની અવધી દરમ્યાન પાર્કીંગની વ્યવસ્થા કરવાની રહેશે. દરેક વાહનના નંબર, વાહનનો પ્રકાર રજીસ્ટરમાં લખવાની વ્યવસ્થા કરાવવાની રહેશે. આરસીબુક અથવા ડ્રાઈવીંગ લાયસન્સ અથવા પોલીસીના પુરાવાની વિગતો રજીસ્ટરમાં લખવાની રહેશે.
18. તેમણે હાલમાં મનોરંજનની સ્થિતિમાં નિયંત્રણ માટેના ધારાધોરણોના જે ગૃહ ખાતાના ઠરાવ નં-૩૩-૬-એચ તા.૨૮/૪/૮૧ના સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
19. તાજેતરમાં સમાચાર પત્રોમાં જોવા મળતા અહેવાલોને લક્ષમાં લેતા, આયોજન સ્થળે એકત્રીત થનાર જન સમુહ મુજબ જરુરી પ્રાથમિક સારવાર/મેડીકલ સુવિધાઓ ત્વરિત ઉપલબ્ધ બને તે રીતે વ્યવસ્થા ગોઠવવી.
20. નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકો/વ્યવસ્થાપકોએ નવરાત્રીના રાસ-ગરબાના સ્થળે પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ગંદકી કે કોઈ રોગચાળો ન ફેલાય તે માટે અગમચેતીના પગલાં ભરવાની જવાબદારી રહેશે.
21. દાંડીયારાસમાં સાંસ્કૃતિક કાર્યક્રમ વખતે પારદર્શક કપડા પહેરવા નહી.
22. ગરબીમાં અશ્લીલ પ્રોગ્રામ હશે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ અઘટીત બનાવ બનશે તો સંપુર્ણ જવાબદારી આયોજકોની રહેશે.
23. આયોજકો દાંડીયા રાસના આયોજન દરમ્યાન જાહેર સુરુચીનો ભંગ થાય કે ધાર્મિક લાગણી દુભાય તેવી ચેષ્ટાવાળા ગીતો વગાડી કે ગવડાવી શકશે નહી તથા ગરબીમાં રમનારા ખેલૈયાઓએ અશિષ્ટ અભદ્ર વેશભુષા ધારણ કરવી નહી. દાંડીયા રાસની વ્યવસ્થા કરવાની આંતરીક જવાબદારી આયોજકોની રહેશે અને કોઇ પણ ગેરકૃત્ય થશે તો કાયદેસર પગલા લેવામાં આવશે.
24. ખાનગી સિક્યુરિટીની મદદમાં ગરબાના આયોજકોએ પોતાના સ્વયં સેવકોને ખાનગી કપડામાં ગરબાના સ્થળ પાર્કિંગ અને આજુબાજુના વિસ્તારમાં શકમંદ હિલચાલ અંગે વોચ રાખવા માટે ગોઠવવા.
25. દરેક ગરબા આયોજકોએ ગરબાના સંચાલન બાબતે ભાગ લેનાર દરેક સભ્યને સુરક્ષાને લગતી સુચનાઓ આપવી અને તેની સમજ આપવી. કોઈપણ પ્રકારની અફવાઓને ઉત્તેજન આપવું નહી કે તેનું ચાલુ ગરબામાં માઈક સિસ્ટમ દ્વારા પ્રસારણ કરવું નહી. કોઈપણ અનિઈચ્છનીય બનાવ બને તો તાત્કાલિક સ્થાનિકે આવેલ બંદોબસ્તની પોલીસને તેમજ કંટ્રોલ રૂમને જાણ કરવી.
26. ગરબીના સ્થળે ચારેય દિશામાં ચાર વોચ ટાવર ઉભા કરવા અને આ વોચ ટાવર ઉપરથી વિડીયો શુટીંગ દરરોજે દરરોજનું કરાવવાનું રહેશે અને ક્લોઝ સરકીટ વિડીયો કેમેરા લગાડવા અને પોલીસ બંદોબસ્ત પોઈન્ટ ઉપરથી તેનુ નિરીક્ષણ કરી શકે તે રીતે તે જગ્યાએ ટી.વી ગોઠવવાના રહેશે.
27. આયોજકોએ તેમની હદના પોલીસ સ્ટેશનના તેમજ પો.સ્ટેના ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટરશ્રી ના તેમજ હોસ્પીટલના, ફાયર સ્ટેશનના અને પોલીસ કંટ્રોલ રૂમના ટેલીફોન નંબરો મેળવીને અવશ્ય રાખવાના રહેશે. ચીફ ફાયર ઓફીસર તરફથી ઈસ્યુ થયેલ એન.ઓ.સી. ની શરતોનું પાલન કરવાનું રહેશે.
28. દિવસ દરમ્યાન પણ ગરબાના સ્થળે જરૂરી સુરક્ષા વ્યવસ્થા ૨૪ કલાક કોઈપણ એક વોચ ટાવર ઉપર ચાલુ રાખવી.
29. નવરાત્રી ઉત્સવ દરમ્યાન માંગવામાં આવેલ મંજુરીવાળા સ્થળ ઉપર નવરાત્રી ઉત્સવ સમીતીના આયોજકો દ્વારા ઉત્સવવાળી જગ્યાએ રાજકીય કે બિન રાજકિય હોદ્દેદારો/વ્યક્તિ દ્વારા વર્ગવિગ્રહ, સામાજીક ભાવનાઓ કે શાંતિ જોખમાય તેવુ કોઈપણ કૃત્ય ઉશ્કેરણીજનક ભાષણ/પોસ્ટર પ્રદર્શન કે અન્ય કોઈ પ્રવૃતિ કરવાની રહેશે નહી.
30. સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ગરબા સ્થળે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવાની રહેશે તથા તેના આવવા જવા માટે ઈમરજન્સી ગેઈટની વ્યવસ્થા કરવાની રહેશે.